
### મોડાસાની માઝુમ નદીના કિનારે રિવર પાર્ક માટે

# રાજ્ય સરકારે ૪ કરોડ મંજુર કરતા નગરજનોમાં આનંદ





મોડાસા, તા. ૨૫

મોડાસા શહેરની માઝુમ નદીના કિનારે આવેલા અગ્નિ સંસ્કાર ધામથી સબલપુર બ્રિજ સુધીના ૩૮૪ મીટર વિસ્તારમાં રિવર પાર્ક બનાવવા માટે રજુઆત કરતા મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૪ કરોડ રૂપિયાની ફાળવણી થતા ટૂંક સમયમાં રિવારપાર્ક બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૪ કરોડ રૂપિયાની ફાળવણી થતા નગરજનોમાં આનંદ છવાયો હતો. રિવારપાર્કથી મોડાસા શહેરીની કાયાપલટની સાથે સુંદરતામાં વધારો થશે.

મોડાસા નગરપાલિકાના પ્રમુખ સુભાષ શાહ અને ચીફ ઓફિસર પ્રણવ પારેખ અને એન્જીનીયર દેવાંગ સોનીના જણાવ્યા અનુસાર મોડાસા શહેરની માઝુમ નદીના કિનારે ૭૬૨ લાખ રૂપિયાના ખર્ચે સ્મશાનથી સબલપુર બ્રિજ સુધી રિવર પાર્ક બનાવવા માટે રાજ્ય સરકારમાં મોડાસા નગરપાલિકા દ્વારા રિવાર પાર્ક બનાવવાની જાહેરાતથી પ્રજાજનોમાં આનંદ છવાયો હતો.

અમદાવાદમાં સાબરમતી નદી પર બનાવેલો રિવરફ્રન્ટ દેશભરમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે ત્યારે મોડાસા શહેરમાં માઝુમ નદીના કિનારે ૩૮૪ મીટરમાં બનનાર રિવારપાર્ક જીલ્લા વાસીઓ સહીત નગરજનોમાં આગવું આકર્ષણ કેન્દ્ર બની રહેશે. માઝુમ નદીના પટમાં મનને શાંતિ મળી રહે અને આહલાદક અનુભવ માટે ગાર્ડન સાથે બાળકો માટે પ્લે એરિયા પણ ઉભો કરવામાં આવશે.

# ડીસા પંથકમાં સાત કરોડથી વધુના વિકાસ કામોના ખાતર્મુહુત

ડીસા, તા. ૨૫

આગામી શનિવારે બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુર ખાતે દબદબાભેર સંપન્ન થનાર રાજયકક્ષાના મુખ્ય ધ્વજવંદન સમારોહ પૂર્વે છેલ્લા ત્રણ દિવસમાં બનાસકાંઠામાં સંખ્યાબંધ નવા વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતર્મુહુત સંપન્ન કરાવી ગુજરાતની ભાજપ સરકારે પોતાના વિકાસલક્ષી અભિગમની પ્રતીતિ કરાવવા સાથે દેશભક્તિના આ પર્વને સાચા અર્થમાં વિકાસ પર્વ બનાવી દીધું છે. ત્યારે આજે ગુરુવારે પણ બનાસકાંઠાના વિવિધ વિસ્તારોમાં અસંખ્ય નવા વિકાસ કામોના ખાતર્મુહુત અને લોકાર્પણ સમારોહ ખૂબ ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થયા હતા. બનાસકાંઠાના ડીસા શહેર અને તાલુકાને પણ પ્રજાસત્તાક દિન પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી ખૂબ ફળી હોય તેમ આજે ડીસા પંથકમાં પણ મંત્રી દિલીપકુમાર ઠાકોરના વરદ હસ્તે સાત કરોડથી વધુના નવા વિકાસ કામોના ખાતર્મુહુત કરી સાડા ચાર કરોડના ખર્ચે માલગઢ ખાતે નિર્માણ પામેલા નવા વીજ સબસ્ટેશનનું પણ વિધિવત રીતે લોકાર્પણ કરાયું હતું. આજે રાજ્ય સરકારના પ્રતિનિધિ તરીકે વિકાસની જ્યોત જગાવવા ડીસાના મહેમાન બનેલા મંત્રી દિલીપકુમાર ઠાકોરે ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી, ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, ભાજપ બક્ષી મોરચાના પ્રદેશ પ્રમુખ દિનેશભાઈ અનાવાડિયા, જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરિયા, ડીસા તાલુકા પંચાયતના પ્રમુખ ઉકાજી ઠાકોર, ડીસા નગરપાલિકાના પ્રમુખ શિલ્પાબેન માળી, જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યો તેમજ અન્ય અગ્રણીઓ, સરપંચો અને આમ જનતાની હાજરીમાં ડીસા ખાતે ૧૨૩ લાખ ૭૦ હજાર રૂપિયાના ખર્ચે નિર્માણ પામનાર નવીન પુસ્તકાલય, ૮૧ લાખ ૫૬ હજારના ખર્ચે નિર્માણ પામનાર નવી સીટી સર્વે કચેરી તેમજ ડીસા નજીકના આખોલ પાસે ૪ કરોડ ૬૫ લાખના ખર્ચે બંધાનાર યુજીવી સીએલના ડીસા ખાતેનાં બંને ડિવિઝનોની નવી કચેરીઓ ઉપરાંત સ્ટોર રૂમનું ખાતર્મુહુત કરાવી આ નવા વિકાસકામોના નિર્માણકાર્યના શ્રીગણેશ કરાવ્યા હતા. આજે ડીસાના મહેમાન બનેલા મંત્રી દિલીપકુમાર ઠાકોરે ડીસા તાલુકાના માલગઢ ખાતે ૪ કરોડ ૬૦ લાખ ૧૫ હજાર રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલ નવા વીજ સબસ્ટેશનનું પણ લોકાર્પણ કરી આ નવું વીજ સબસ્ટેશન ખેડૂતોની સેવામાં અર્પણ કર્યું હતું. આજે ડીસા પંથકમાં મંત્રી દિલીપકુમાર ઠાકોર સહિત ભાજપના અન્ય મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહ દરમ્યાન રીતસર વિકાસનો જયનાદ ગુંજવા સાથે આજે ડીસા ખાતે યોજાયેલ આ ખાતર્મુહુત અને લોકાર્પણ સમારોહના આયોજનને સફળ રીતે પાર પાડવા ડીસાના નાયબ કલેકટર અને મામલતદાર ઉપરાંત ઉત્તર ગુજરાત વીજ કંપનીની પાલનપુર ખાતેની વર્તુળ કચેરીના અધિક્ષક એલ.એ ગઢવી અને તેમની ટીમે પણ ભારે જહેમત ઉઠાવી હતી.

## પ્રાંતિજ ખાતે રતિલાલ ગો.પરીખ સાંસ્કૃતિક હોલ તથા ટાઉન હોલનું નામાકરણવિધિ કાર્યક્રમ યોજાયો



પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા રતિલાલ ગો.પરીખ સાંસ્કૃતિક હોલનુ લોકાર્પણ તથા નવનિર્માણ થનાર ટાઉનહોલનું નામ કરણવિધિ કાર્યક્રમ યોજાયો.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા શેઠ.પી.એન્ડ આર હાઈસ્કૂલ ખાતે વિકેન્દ્રીત જિલ્લા આયોજન અંતર્ગત ૧૫ લાખના ખર્ચે તૈયાર થયેલ રતિલાલ ગો.પરીખ સાંસ્કૃતિકહોલનું લોકાર્પણ તથા યુ.ડી.પી.માંથી ૭૦ લાખ તથા ૧૪મુ નાણાંપંચ અંતર્ગત ૧૦૦ લાખ કુલ-૧ કરોડ ૭૦ લાખના ખર્ચે તૈયાર થનાર ટાઉનહોલનુ નામ ભારત રત્ન અટલ બિહારી વાજપાઈ ટાઉનહોલનું નામાકરણવિધિ કાર્યક્રમ પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર તથા પૂર્વ સાંસદ જયસિંહ ચૌહાણના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, બાંધકામ સમિતિના ચેરમેન ધવલ રાવલ, ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈ, કારોબારી સમિતિ ચેરમેન કોકીલાબેન પટેલ, આરોગ્ય સમિતિના ચેરમેન રાજેશભાઈ ટેકવાણી, ચીફ ઓફિસર વિશાલભાઈ પટેલ તથા નગરપાલિકા સદસ્યો તથા પાલિકા સ્ટાફ સહિત ગામના આગેવાનો અગ્રણીઓ નગરજનો તથા શાળાના આચાર્ય મીઠાભાઈ પટેલ સહિત સ્ટાફ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# પાલનપુરમાં વિશાળ તિરંગા રેલી





બનાસકાંઠા જિલ્લાના વડામથક પાલનપુર ખાતે રાજયકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ઉપલક્ષ્યમાં યોજાયેલ યુવા તિરંગા રેલીને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. રાષ્ટ્રીય પર્વની ઉજવણી પાટનગર ગાંધીનગરના બદલે રાજયના વિવિધ જિલ્લાઓમાં ઉજવવાની પરંપરાને આગળ ધપાવતાં મુખ્યમંત્રીએ પાલનપુરના એરોમા સર્કલથી વિદ્યામંદિર સંકુલ સુધી યોજાયેલી બાઈક રેલીમાં સહભાગી બની યુવાઓનો ઉત્સાહ વધાર્યો હતો. ‘‘આઈ એમ એ ન્યૂ ઈન્ડિયા’’ (હું નવું ભારત છું) ની ટી-શર્ટ પહેરેલાં યુવા યુવતીઓનાં ભારત માતા કી જય... અને વંદે માતરમ....નાં જય ઘોષથી વાતાવરણમાં દેશભક્તિનાં અનેરા રંગો રેલાયાં હતાં. આ રેલીનાં પ્રસ્થાન સમયે કેન્દ્રીય ખાણ અને ખનીજ રાજયમંત્રી હરીભાઈ ચૌધરી, પાણી પુરવઠા રાજયમંત્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્યો સર્વ શશીકાંતભાઈ પંડ્યા અને કીર્તિસિંહ વાઘેલા, બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, યુવા ભાજપાના પ્રમુખ ઋત્વીજ પટેલ, નગરપાલિકાના પ્રમુખ અશોકભાઈ ઠાકોર, પૂર્વમંત્રી કેશાજી ચૌહાણ, અગ્રણીઓ સર્વ હિતેષભાઈ ચૌધરી, હરેશભાઈ ચૌધરી, અમૃતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા, જિલ્લાના પ્રભારી સચિવ અરૂણકુમાર સોલંકી, જિલ્લા કલેકટર સંદીપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી બી. એ. શાહ, પોલીસ અધિક્ષક પ્રદીપ સેજુલ સહિત અધિકારીઓ, પદાધિકારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો પણ જોડાયા હતાં.

## જયંતિ ભાનુશાળી હત્યા કેસના આરોપી છબીલ પટેલના ભાઈ દિનેશ પટેલે ષડયંત્રનો ભોગ બન્યા હોવાનું જણાવ્યું

ધનસુરા, તા. ૨૫

ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ અને અબડાસાના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળીની હત્યા પૂર્વ ધારાભ્ય છબીલ પટેલ અને મનીષા ગોસ્વામીએ ભેગા મળીને કરાવી હોવાનું એસઆઈટીએ જાહેરાત કરી છે, ત્યારે અરવલ્લી જીલ્લાના મૂળ વતની એવા છબીલ પટેલના ધનસુરા તાલુકાના રાયણના માઢ ગામ સહીત, કચ્છી પટેલ સમાજ સહીત સમગ્ર જીલ્લામાં ભારે ચકચાર મચી છે. રાયણના માઢ ગામમાં રહેતા તેમના ભાઈ દિનેશ પટેલ હજુ પણ વિશ્વાસ નથી થતો કે તેમના ભાઈ છબીલ પટેલ આવા કૃત્યને અંજામ આપી શકે તેમનો ભાઈ નિર્દોષ હોવાનો અને રાજકીય ષડ્યંત્રનો ભોગ બન્યા હોવાનુ જણાવ્યું હતું. અબડાસાના પૂર્વ ધારાસભ્ય જયંતિ ભાનુશાળીની હત્યાનો ભેદ ઉકેલાયો છે ત્યારે જયંતિ ભાનુશાળીની હત્યામાં તેમના રાજકીય હરીફ છબીલ પટેલનું પણ નામ ખુલ્યું છે. ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના રાયણ માઢ ગામે રહેતા છબીલ પટેલના ભાઈ દિનેશ પટેલે વાત કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે મારો ભાઈ આવું કરેજ નહીં, રાજકીય ષડયંત્રનો ભોગ બન્યો છે અને કાયદામાં અમને વિશ્વાસ છે. તેઓએ તેમ પણ જણાવ્યું હતું કે મનીષા ગોસ્વામીને તેઓ ઓળખતા પણ નથી અને ક્યારે પણ મનીષા ગોસ્વામીને જોયા પણ નથી. આમ માત્ર છબીલ પટેલ રાજકીય કાવા દાવાનો ભોગ બન્યા છે તેમ દિનેશ પટેલે જણાવ્યું હતું.

# પાલનપુરમાં યોજાયુ યુવા સંમેલન

### નાણાંકીય વર્ષનાં અંત સુધીમાં ૧.૧૧ લાખ કરોડનાં કાર્યોનાં ખાતમૂહૂર્ત, ઉદ્દઘાટન અને કાર્યારંભ દ્વારા લાખો રોજગારીનું સર્જન થશે : યુવાશક્તિ ’’લીવ ફોર ધ નેશન’’ ના મંત્ર સાથે દેશના વિકાસમાં જોડાય

પાલનપુર, તા. ૨૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે પ્રજાના તમામ વર્ગોનો સાથ અને સહકાર લઈને લોકોની આશા-અપેક્ષાઓ સંતોષી રાજયનો સર્વાંગી વિકાસ કરવો છે. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે લોકોથી, લોકો વડે અને લોકો દ્વારા ચાલતું શાસન જ પ્રજાની આશા-અપેક્ષાઓ પરિપૂર્ણ કરી શકશે.

૭૦માં પ્રજાસત્તાક પર્વની પાલનપુર ખાતે થઈ રહેલ ઉજવણી અંતર્ગત યોજાયેલ યુવા સંમેલનમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા દેશ ભારતનું સૌથી મોટું લેખિત બંધારણ ૧૯૫૦માં ૨૬મી જાન્યુઆરીના રોજ અમલમાં આવ્યું હતું. અને આ બંધારણના આધારે ભારતના નાગરિકોને વાણી, વેપાર અને અભિવ્યક્તિની સ્વતંત્રતા મળી છે. પ્રજાને અધિકાર મળ્યો છે કે પ્રજા પોતાની ઈચ્છીત સરકારની રચના કરી શકશે.

તેમણે કહ્યું કે, નામી-અનામી અનેક સ્વાતંત્ર્યવીરો, નેતાઓને કારણે ભારતને




મહામૂલી આઝાદી મળી છે અનેક ક્રાંતિકારીઓએ પોતાના જાન દેશની સ્વાતંત્ર્યતા માટે અર્પણ કર્યા છે તેને સ્મરણ કરવાનો આ દિવસ છે.

ગુજરાતે સ્ટાર્ટ અપ એકમોને પ્રોત્સાહન આપવા સ્ટાર્ટ અપ પોલીસી બનાવી છે. રાજય ૧૧ ટકાના જી.ડી.પી. વૃધ્ધિદરથી વૃધ્ધિ કરી રહ્યું છે અને અનેક પોલીસીઓના સફળ અમલ દ્વારા ગુજરાત પોલીસી ડ્રીવન સ્ટેટ બન્યું છે તેની ભૂમિકા તેમણે આપી હતી.

તેમણે કહ્યું કે, પહેલાં રાજયમાં માત્ર ૮ યુનિવર્સિટીઓ કાર્યરત હતી આજે રાજયમાં ૬૨ યુનિવર્સિટીઓ કાર્યરત કરી રાજયના યુવાનો કોઈપણ ક્ષેત્રના શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, મરીન યુનિવર્સિટી જેવી વિશેષ પ્રકારની યુનિવર્સિટીઓ કાર્યરત કરી છે અને તાજેતરમાં બાયોટેક યુનિવર્સિટીની સ્થાપનાને મંજુરી આપી છે. યુવાન નવિનતાથી ભરેલો હોવો જોઈએ. યુવા શકિતની આ નવિનતા-કૌશલ્યસભરતા જ ભારતને મહાશક્તિ બનાવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

બનાસકાંઠા જિલ્લાએ ડેરી ક્ષેત્રે અદભૂત વિકાસ સાધી શ્વેતક્રાંતિનું નેતૃત્વ લીધું છે. ફૂલો અને અત્તરોની નામના ધરાવતો બનાસકાંઠા જિલ્લો ગુજરાતનો શ્રેષ્ઠ જિલ્લો બની રહે તેવી શુભકામનાઓ તેમણે પ્રજાસત્તાક પર્વે પાઠવી હતી.

આ યુવા સંમેલનમાં મુખ્યમંત્રીના હસ્તે એપ્રેન્ટિસના નિમણૂંક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ડ્રાઈવીંગ લાયસન્સ- હેલ્મેટનું વિતરણ કર્યુ હતુ અને જિલ્લાના વિશેષ સિધ્ધિ મેળવેલા યુવાનોનું મુખ્યમંત્રીએ આ તકે સન્માન કર્યુ હતુ.

આ રેલીનાં પ્રસ્થાન સમયે કેન્દ્રીય ખાણ અને ખનીજ રાજયમંત્રી હરીભાઈ ચૌધરી, પાણી પુરવઠા રાજયમંત્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્યો સર્વ શશીકાંતભાઈ પંડ્યા અને કીર્તિસિંહ વાઘેલા, બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, યુવા ભાજપાના પ્રમુખ ઋત્વીજ પટેલ, નગરપાલિકાના પ્રમુખ અશોકભાઈ ઠાકોર, પૂર્વમંત્રી કેશાજી ચૌહાણ, અગ્રણીઓ સર્વ હિતેષભાઈ ચૌધરી, હરેશભાઈ ચૌધરી, અમૃતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા, જિલ્લાના પ્રભારી સચિવ અરૂણકુમાર સોલંકી, જિલ્લા કલેકટર સંદીપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી બી. એ. શાહ, પોલીસ અધિક્ષક પ્રદીપ સેજુલ સહિત અધિકારીઓ, પદાધિકારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો પણ જોડાયા હતાં.

## દેશના ૭૦માં પ્રજાસત્તાક દિને ત્રિરંગા વેચતા ફેરિયાનું બાળક ગ્રાહક જોઈ મલકી બોલ્યું ‘‘એ માં ઘરાક આવ્યું’’



મોડાસા શહેર સહીત અરવલ્લીના જીલ્લાના પ્રજાજનોમાં જોવા મળતી દેશભક્તિ અને દેશપ્રેમ દર્શાવવા માટે તેમના રહેઠાણ સ્થળે, ધંધા રોજગારના સ્થળે અને વાહનો પર રાષ્ટ્રધ્વજ લહેરાવી રાષ્ટ્રીય તહેવારની ઉજવણીમાં દેશભક્તિના રંગે રંગાય છે. ૭૦માં પ્રજાસત્તાક દિન નિમિત્તે મોડાસા શહેરમાં મોટી સંખ્યામાં ત્રિરંગા વેંચતા ફેરિયાઓ ઉમટ્યા છે. મોડાસા ચાર રસ્તા પર ત્રિરંગા વેચતા ફેરિયાનું બાળક એકલું એટલું ત્રિરંગાની રક્ષા કરતુ બેઠેલું જોવા મળ્યું હતું. ત્રિરંગો ખરીદવા આવેલ ગ્રાહક જોઈ ખુશીના ભાવ સાથે નજીક ઉભેલી માતાને બુમ પાડી બોલ્યું એ માં જો ઘરાક આવ્યું ગતિશીલ ગુજરાત, ડીઝીટલ ઈન્ડિયા,ગરીબ કલ્યાણ મેળા અને વાઈબ્રન્ટ ગુજરાત જેવા તાયફા કરી કરોડો રૂપિયા ખર્ચી ગુજરાત રાજ્યને દેશ-દુનિયાના નકશા પર વાઈબ્રન્ટ ગુજરાત અને ગતિશીલ ગુજરાત હોવાનો ફુગ્ગો ફુલાવવામાં આવ્યો છે. જયારે બીજીબાજુ રાજ્યમાં ગરીબોની સંખ્યામાં વધારો થવાની સાથે ગરીબરેખા નીચે અને શ્રમજીવી તરીકે જીવન ગુજારતા પરિવારો અને તેમના બાળકોની હાલત કફોડી અને દયનિય બનાવની સાથે અભ્યાસથી વંચિત રહે છે.

### સાબરકાંઠા કલેક્ટર પ્રવિણા ડીકેને શ્રેષ્ઠ ચુંટણી અધિકારીનો એવોર્ડ



શ્રેષ્ઠ જીલ્લા ચૂંટણી અધિકારી તરીકે કલેક્ટરશ્રી સાબરકાંઠા પ્રવિણા ડીકેની પસંદગી થતાં આજરોજ રાષ્ટ્રીય મતદાતા દિન ઉજવણી કાર્યક્રમ અંતર્ગત તેમના એવોર્ડની જાહેરાત કરાઈ હતી.

### ઉજવાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝાંકીમાં લોકનૃત્ય પણ જોવા મળનાર છે. રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી ચુકેલા ૨૬ બાળળકો પણ ખુલી જીપમાં બેસીને ઝાંકીમાં ભાગ લેનાર છે. આ વર્ષે પ્રજાસત્તાક દિવસની પરેડ આશરે ૯૦ મિનિટ સુધી ચાલનાર છે. આવતીકાલે શનિવારના દિવસે આયોજિત ભવ્ય કાર્યક્રમમાં દક્ષિણ આફ્રિકાના પ્રમુખ સિરિલ રામાફોસા મુખ્ય મહેમાન બનનાર છે. ગયા વર્ષે પ્રજાસત્તાક દિવસે આયોજિત કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે ૧૦ આસિયાન દેશોના વડા ઉપસ્થિત રહ્યા હતા.

### મોટી તાકાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રતિમાની ઓળખ થઈ શકે. સાથે સાથે તેના વિકાસ માટે દરેક પ્રકારની સુવિધા ઉપલબ્ધ થાય. પ્રોત્સાહન ઉપલબ્ધ થાય. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, મહાન પ્રજાસત્તાકે લાંબી યાત્રા કાપી છે પરંતુ હજુ ખુબ આગળ વધવાની જરૂર છે. ખાસ કરીને અમારા જે ભાઈ-બહેનો વિકાસની દોડમાં પાછળ રહી ગયા છે તેમને સાથે લઈને આગળ વધવાની જરૂર છે. આ અવસરે રાષ્ટ્રપતિએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી.

### દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તક આપી ન હતી. સીબીઆઈની ટીમે આજે સવારે દિલ્હી અને એનસીઆર વિસ્તારમાં એક સાથે ૩૦થી વધારે સ્થળ પર દરોડા પાડ્યા હતા. સીબીઆઈની ટીમે વર્ષ ૨૦૦૫માં એસોસિએટ્સ જર્નલ લિમિટેડને ખોટી રીતે જમીન ફાળવવાના મામલે આ દરોડા પાડ્યા હતા. દરમિયાન સીબીઆઈ દ્વારા હુડ્ડાની સામે એક અન્ય કેસ પણ દાખલ કરી લીધો છે.

### બેંચની રચના

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુનાવણી સુપ્રીમ કોર્ટે ૨૯મી ઓક્ટોબરના દિવસે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધી ટાળી દીધી હતી. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં રચવામાં આવેલી બેંચે અયોધ્યા વિવાદ મામલામાં સુનાવણી જાન્યુઆરી ૨૦૧૯ સુધી ટાળી દીધી હતી. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસના નેતૃત્વવાળી બેચમાં સંવેદનશીલ અયોધ્યા રામ મંદિર-બાબરી મસ્જિદ જમીન વિવાદના મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જો કે ટુંકા ગાળામાં જ મામલાની સુનાવણીને ૧૦મી જાન્યુઆરી સુધી ટાળી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.